# <u>અરજી કઇ રીતે કરશો</u> ?

નીચેની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે જ અરજી માન્ય થશે જે ધ્યાનમાં રાખવું.

ઉમેદવારે વેબસાઈટ પર પોતાનું ઈ-મેલ આઈ.ડી આપી રજીસ્ટર થવાનું રહેશે. ઉમેદવારને ઈ-મેલ વેરીફીકેશન માટે મેલ મોકલવામાં આવશે. ઉમેદવારે પોતાના મેલમાં મળેલ લીંક પર કિલક કરીને રજીસ્ટ્રેશન પૂર્ણ કરવાનું છે.ઉમેદવારને લીંક પર કિલક કરવાથી પોતાનો પાસવર્ડ આપવા જણાવવામાં આવશે. જે તેણે સમગ્ર પ્રકિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી યાદ રાખવાનો રહેશે. પાસવર્ડ કન્ફર્મ કર્યા બાદ ફોર્મ ભરવા માટેની વિન્ડો ખુલશે. ફોર્મ સંપૂર્ણ  ભરાઈ જાય ત્યાર બાદ "સેવ" કરવાથી નવી વીન્ડોમાં  ચલણ ડાઉનલોડ કરવા માટે જણાવવામાં આવશે. બિનઅનામત ઉમેદવારો માટે અરજી ફી રૂ|.૨૦૦ તેમજ એસ.સી, એસ.ટી સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર તથા આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોનેજરૂરી પુરાવાઓ રજુ કર્યેથી ફીમાંથી મુક્તિ આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં ભરેલ ફી પરત મળી શકશે નહી. ઉમેદવારે ચલણ ડાઉનલોડ કર્યા બાદ નજીકની દેના બેંકની શાખામાં અરજી ફી જમા કરાવવાની રહેશે. બેંક દ્વારા ઉમેદવારને ચલણની બે કોપી પરત કરવામાં આવશે. ઉમેદવારે પોતાના ચલણની કોપી જ્યાં સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સાચવી રાખવાની રહેશે અને ઓફિસ કોપી જ્યારે <u>કે.સી.જી. દ્વારા માંગવામાં આવે ત્યારે</u> રજુ કરવાની રહેશે. ચલણની કોપીમાં ટ્રાન્ઝેક્શન આઈ.ડી અને તારીખ લખેલ હશે. ચલણ મારફત ફી ભર્યા બાદ ૨૫ કલાક બાદ ઉમેદવારે વેબસાઈટ www.cheguj.com પર પોતાના ઈ-મેલ પાસવર્ડ, ટ્રાન્ઝેકશન આઈ.ડી અને તારીખ આપવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા ઉમેદવારની અરજી કન્ફર્મ કરવામાં આવેલ છે તે મુજબ સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉક્ત સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી અરજી કન્ફર્મ થયેલ ગણાશે નહિ. અરજી કન્ફર્મ કર્યા બાદ જ તે અરજીની પ્રિન્ટ આઉટ લઇ શકાશે. વચ્ચેના કોઇ પણ તબક્કામાં પ્રિન્ટ આઉટ લઇ શકાશે નહી.